# ગાંધીનગરનું મુક્તિધામ : એક રળિયામણું યાત્રાધામ




**"મરીઝ તોયે કેટલુ થાકી જવુ પડ્યું, ફક્ત મારે જવું હતુ ઘરથી કબર સુધી"**

માનવી જિંદગીભર દોડધામ કરે છે. સતત તનાવભરી જિંદગીમાં એનું આયખું પુરૂ થાય છે. વર્ષોની રઝળપાટ બાદ એનું અંતિમ મુકામ તો નક્કી જ છે. એનું અસલ નામ 'સ્મશાન' પણ શબ્દોમાં પરિવર્તન આવ્યું. ક્યાંક 'અંતિમ ધામ' ક્યાંક 'વિસામો' તો ક્યાંક 'મુક્તિધામ' થી ઓળખાતા આ સ્થાનથી પહેલાં લોકો



દુર ભાગતા હતા રાત્રિના સમયે ભુવાઓ, અઘોરીઓ કે તાંત્રિકો સિવાય અહીં ફરકવાની કોઈ હિંમત કરતું નહિ. પણ ગાંધીનગરમાં આવેલા મુક્તિધામમાં રાત્રિના ભજનનો પ્રોગ્રામ તો ક્યારેક સમુહ ભોજનના પણ કાર્યક્રમો થાય છે. જીવતા માણસને પણ અહીં આવી બે ઘડી વિસામો કરવાનું મન થાય તેવું રળીયામણુ સ્થળ એટલે ગાંધીનગરનું 'મુક્તિધામ' નાસ્તિક માનવીના મનમાં પણ બે ઘડી વૈરાગ્યનો ભાવ પ્રગટ થાય તેવું ધાર્મિક વાતાવરણ અહીં ખડું કરવામાં આવ્યું છે. એનો વિશાળ પ્રવેશ દ્વાર અને આજુબાજુ બે મોટા દ્વારપાળ તેમજ ડાબી બાજુ રાધાકૃષ્ણની સુંદર મૂર્તિ અને જમણી બાજુ તરસ્યાને પાણી પાતી ગ્રામ્ય મહિલા આબેહૂબ અને કલાત્મક બનાવેલું છે. અંદર પ્રવેશ કરતાં ડાબી બાજુથી મૂર્તિઓની હાર માળા શરૂ થાય. એક બે નહિ સળંગ ૧૧ મૂર્તિઓ- જુદા જુદા ભગવાનની- જોતાં જ ગમી જાય તેવી. વચ્ચેના મુખ્ય માર્ગની બંને બાજુ પણ સંતો મહંતોના અત્યંત ભાવવાહી સ્ટેચ્યુઓ જેમાં



રામકૃષ્ણ પરમહંસ, નરસિંહ મહેતા, ભક્ત ગોરા કુંભાર, સંત તુકારામ, સંત એકનાથ, બાપા સીતારામ, ગૌતમ બુદ્ધ, શંકરાચાર્ય, મીરાંબાઈ વિગેરે ૨૪ મૂર્તિઓ બંને બાજુ કતારબંધ જાણે કે દુનિયા છોડી જનાર આત્માઓને આવકારતા હોય તેવું સુંદર વાતાવરણ. મુખ્ય માર્ગની બાજુમાં હરીયાળી લોન અને તેમાં પણ રણછોડરાય, કૃષ્ણ અવતાર, નંદીની પર બિરાજમાન શિવજી, સૃષ્ટિના રચયિતા બ્રહ્મા, ભારત માતા વિગેરેની વિરાટ મૂર્તિઓ બસ જોયા જ કરીએ તેવી સુંદર મજાની. ભારતીય સંસ્કૃતિમાં અગ્નિ સંસ્કારનું ખૂબ મહત્વ છે. અને એટલે અહિં ગેસના ભઠ્ઠાની વ્યવસ્થા હોવા છતાં મોટાભાગના લોકો મૃતાત્માને લાકડાની ચિતા પર સુવાડી અગ્નિદાહ આપવાનું પસંદ કરે છે છેલ્લા એક વર્ષમાં લાકડાની ચિતામાં ૧૬૪૮ અને ગેસના ભઠ્ઠામાં ૮૨૬ મૃતદેહોને દાહ આપવામાં આવ્યો છે. લાકડાવા કુલ ચાર ભઠ્ઠા છે. આ ભઠ્ઠાની બાજુમાં પંચતત્વ ફાઉન્ડેશન( ફુવારો) આપનું શરીર પંચ તત્વનુ બનેલું છે તેની યાદ અપાવે છે તેની બાજુમાં વિશાળ પ્રાર્થના હોલ છે. ગેસના ભઠ્ઠાની બાજુમાં હરીયાળી લોનમાં બગીચાની ફરતે સંતો, મહંતોની તથા માતાજીની કુલ ૨૪ મૂર્તિઓ આકર્ષક મુદ્રામાં સ્થાપિત કરેલી છે. સુંદર મજાની લોન, ભગવાનની મૂર્તિઓ, ફુવારા જોતા એમ જ લાગે કે આતો મુક્તિધામ કે યાત્રા ધામ? આ મુક્તિધામના પૈસા ખર્ચ્યા સરકારે, આયોજન કર્યુ સરગમ કલબે અને હાલ વહીવટ કરે છે. જુનિયર સીટીઝન કાઉન્સિલ ગાંધીનગર જેના પ્રમુખ છે કમલ ચૌધરી, એક મૃત



દેહને અગ્નિદાહના લાકડા પેટે રૂા. ૭૫૧ના લાકડા અહીંથી પાવતી આપીને આપવામાં આવે છે. ગેસમાં અગ્નિદાહ આપવાના રૂા. ૧૦૧ લેવામાં આવે છે. અહીંથી શહેર તથા ગ્રામ્ય વિસ્તારો માટે અંતિમયાત્રા શબ વાહિની પણ ટૂંક સમયમાં શરૂ થનાર છે. જેની સેવા નિઃશુલ્ક હોય છે. ઉપરાંત મુક્તિધામની બાજુમાં દફન વિધિ માટે પણ જમીન ફાળવવામાં આવી છે. રાવળ, યોગી, સાધુ સંતોની દફન વિધિ અહીં કરવામાં આવે છે. તેમાં વપરાતું મીઠું અહીંથી નિઃશુલ્ક અપાય છે. અગ્નિદાહ પછી ટાઢી વાળવા માટે માટલી તથા કુલડી અહીંથી વિના મુલ્યે અપાય છે. બિન વારસી લાશો જે કયારેક તો અત્યંત વિકૃત કે સડેલી હાલતમાં હોય છે તેમને અગ્નિદાહ આપવાનું કામ અહીના સેવકો બાબુભાઈ ચૌહાણ, અજય ચૌહાણ, વિક્રમ પુરબિયા કરે છે. આજ સુધીમાં ૫૧૮ બિનવારસી લાશોને અગ્નિદાહ આપવાનું પુણ્ય કાર્ય અહિથી કરવામાં આવ્યું છે. અહિના મેનેજર તરીકે કિરણસિંહ વાઘેલા સેવા



આપે છે. આ ઉપરાંત અનેક સેવાકીય પ્રવૃત્તિઓ જુસિકા દ્વારા કરવામાં આવે છે. સાથે જ ગાંધીનગરના 'મુક્તિધામ'ની જીવતે જીવ મુલાકાત લેવા જેવી ખરી...

- પોપટલાલ એસ. પ્રજાપતિ

# ડેપોમાં શૈક્ષણિક સત્રની શરૂઆતે એક પાસ કાઉન્ટર વધારી દેવાશે

## વિદ્યાર્થીઓની હાલાકી નિવારવા ખાસ કાઉન્ટર શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૬

સ્ટુડન્ટ પાસ મેળવવા માટે વિદ્યાર્થીઓને પડતી હાલાકીને નિવારવા એસ.ટી. ડેપો દ્વારા ઉઘડતા શૈક્ષણિક સત્ર દરમિયાન પાસ માટે વધુ એક કાઉન્ટર ખુલ્લુ મુકવામાં આવશે. આ કાઉન્ટર પરથી માત્ર વિદ્યાર્થીઓને પાસ આપવાની કાર્યવાહી હાથ ધરાશે.

સલામત સવારી એસ.ટી. અમારીના સૂત્ર વચ્ચે દોડતી એસ.ટી. બસોની સેવા ઉપલબ્ધ કરવા આમ નાગરિકોએ વલખા મારવા પડતા હોવાની ફરિયાદો છાશવારે ઉઠવા પામે છે. અપુરતી અને અનિયમિત બસ સેવાના લીધે અપડાઉનકર્તાઓમાં સમયાંતરે ઉગ્ર આક્રોશ ઉદભવતો રહે છે. જ્યારે એસ.ટી. ડેપોના સંકુલમાં પણ મુસાફરો માટે જરૂરી પર્યાપ્ત સુવિધાના અભાવે વિદ્યાર્થીઓ સહિત અન્ય અપડાઉન કરનારાઓએ પણ ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે. હાલની સ્થિતિએ એસ.ટી. બસમાં ટીકીટ ખરીદીને બેસતા મુસાફરોની સંખ્યા માત્ર ૩૦ ટકા જેટલી જ હોવાનો અંદાજ છે. જ્યારે આ સિવાય મોટાભાગના પાસયુઝર્સ બસસેવાનો લાભ લેતા હોવાનું ધ્યાને આવ્યું છે. જ્યારે હાલની સ્થિતિએ ડેપોમાં પાસ ઈસ્યુ કરવા માટે બે કાઉન્ટર કાર્યરત છે. જેના લીધે વિદ્યાર્થીવર્ગે પાસ કઢાવવા લાંબો સમય લાઈનમાં ઉભા રહી સમય બગાડવો પડે છે જેને ધ્યાને લઈ ડેપો તંત્રએ ઉઘડતા શૈક્ષણિક સત્ર દરમિયાન વિદ્યાર્થીઓ માટે ખાસ પાસ કાઉન્ટર શરૂ કરવા નિર્ણય લીધો છે.

# આજે ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘના ઉપક્રમે સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૬

પુનમભાઈ મકવાણા, પ્રમુખ ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ જણાવે છે કે પ્રતિવર્ષની જેમ આગામી તા. ૭મી મે ૨૦૧૨ના રોજ સંસ્થા ગાંધીનગર ખાતે અગિયારમો સમુલગ્નોસવ યોજી રહી છે જેમાં કુલ ૫૬ યુગલો લગ્નગ્રંથિથી જોડાશે.

આ કાર્યક્રમના સત્કાર સમારોહમાં રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી, રાજયસભાના સાંસદ અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરૂષોત્તમ રૂપાલાજી, રાજય સરકારના વરિષ્ઠ મંત્રીઓ નિતીનભાઈ પટેલ, રમણલાલ વોરા, પ્રભારી મંત્રી જયસિંહભાઈ ચૌહાણ સહિત પાર્ટીના વરિષ્ઠ આગેવાનો, સંસદસભ્યો, ધારાસભ્ય, બોર્ડ નિગના ચેરમેનો તથા આ સદકાર્યને વેગવંતુ બનાવનાર-યોગદાન કરનાર દાતાઓ હાજરી આપશે.

'ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ'ના આગેવાનો મહામંત્રી રમેશભાઈ ગુંજેટીયા, ઉપપ્રમુખ ચંદન રાણા, સંગઠન મંત્રી ડાહ્યાલાલ રાવત, કાર્યાલય મંત્રી અમૃતભાઈ પરમાર, સહમંત્રી ધર્મેન્દ્ર ચાવડા, યુવક સમિતિના કન્વીનર હિતેશ મકવાણા, ભોજન સમિતિના કન્વીનર વિઠ્ઠલભાઈ સેનમા સહિત સમુહલગ્ન સમિતિના આગેવાનો કાર્યક્રમને સફળ બનાવવા કામે લાગી ગયા છે.

પુનમભાઈ મકવાણાએ વધુમાં જણાવ્યું છે કે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડનું સ્વયત નિગમમાં રૂપાંતર ચાલુ વર્ષે કર્યુ છે. તેથી સમગ્ર સેનવા-રાવત સમાજમાં મુખ્યમંત્રી માટે વ્યાપક લાગણી ઉભી થઈ છે. સેનમા સમાજના ગુરૂ સંતશ્રી બેચર સ્વામીના નામ સાથે બોર્ડના નામને જોડી આ સમાજને મુખ્યમંત્રીએ ઋણી બનાવ્યો છે. તા. ૨૬ એપ્રિલ ૨૦૧૨ના રોજ ટાઉનહોલ, ગાંધીનગર ખાતે સમગ્ર ગુજરાતના અતિ પછાત સમાજોએ વિરાટ સંખ્યામાં હાજર રહી મુખ્યમંત્રીનું જાહેર અભિવાદન કર્યુ હતું. આ સમાજોનું આઝાદીથી કોઈ રણીધણી ન હતું કોઈ આંગળી પકડનાર ન હતું તે અતિપછાત સમાજો માટે કાર્યરત બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડને મુખ્યમંત્રીએ નિગમમાં રૂપાંતર કરી આ સમાજોને વિકાસની નવી તકો પ્રાપ્ત કરાવી છે.

## સરકારી ગોડાઉન સે-૧૫ ખાતે ઘઉં ખરીદી કેન્દ્રનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૬

ભારતીય કિસાન સંઘ, ગાંધીનગર તાલુકા પ્રમુખ મનુભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર તાલુકામાં ઘઉંના વાવતર કરતા કિસાનો માટે હાલમાં સરકાર દ્વારા ટેકાના ભાવ ૨૫૭ રૂ. થી ઘઉંનું ખરીદી કેન્દ્ર સરકારી ગોડાઉન, સે-૧૫, ગાંધીનગર ખાતે શરૂ કરવામાં આવ્યું છે. ગાંધીનગર તાલુકાના ઘઉંનું વાવેતર કરતા ખેડૂતો તેનો લાભ લઈ શકશે.

## આજે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગરના સેકટર-૮ ખાતે આવેલા મંગલમૂર્તિ પાર્કમાં આજે તા. ૭મી મે ૨૦૧૨ને સોમવારે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે. યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજાનાર સુંદરકાંડના પાઠનો લાભ લેવા સર્વે ભકતજનોને ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# આનંદનંગર વસાહતમાં ઉભરાતી ગટરને કારણે રોગચાળાનો ભય

## રસ્તા પર ફેલાતી ગંદકીથી વસાહતીઓ પરેશાન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના એડવોકેટ પી.એચ. ગોહિલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સેકટર-૨૭ના આનંદનગરના પ્લોટ નંબર ૧૫૦ અને ૧૫૧ની વચ્ચે રોડ ઉપરની ગટર સતત ઉભરાતી હોવાથી આનંદનગરના વસાહતીઓને અસહ્ય ગંદકી અને દુર્ગંધ ભોગવવી પડે છે. આ બાબતે રજૂઆત કરવા છતાં તેનો કોઈ ઉકેલ આવ્યો ન હોવાથી સ્થાનિકજનો નારાજ બન્યા છે.

આનંદનગરના પ્લોટ નં. ૧૫૦ અને ૧૫૧ની વચ્ચના રોડ ઉપર છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાય છે. ગટરનું પાણી ઉભરાતા આસપાસના વિસ્તારમાં દુર્ગંધ ફેલાય છે અને તેથી મચ્છરોનો ત્રાસ વધી ગયો છે. આ બાબતે અવારનવાર સેકટર-૨૪ના ડ્રેનેજ વિભાગમાં વસાહતીઓ અને ખુદ એડવોકેટ ગોહિલે રજૂઆતો અને ફરિયાદો કરી હોવા છતાં તેનો કાયમી ધોરણે નિકાલ કરવામાં આવ્યો નથી. ઉભરાતી ગટરની સમસ્યાને કારણે રોગચાળો ફેલાવાની પૂરેપૂરી શકયતાઓ છે. છતાં તંત્રના પેટનું પાણીય હાલતું નથી. ગટર ઉભરાતી હોવાની તથા રસ્તા પર ફેલાતી ગંદકી બાબતે નાયબ એન્જીનિયર, પેટા વિભાગ-૯, પાટનગર યોજના ભવન, ગાંધીનગરને માહિતગાર કરવા છતાં ડ્રેનેજ વિભાગનું રેઢિયાળ તંત્ર લાપરવાહી સેવી રહ્યું છે. છેલ્લા ત્રણ દિવસથી અસહ્ય ગંદકી ફેલાતા જાહેર રસ્તા પરથી પસાર થતા લોકો ત્રાસી ગયા છે. આ બાબતે તંત્ર તાત્કાલિક નિકાલ લાવે તેવું સ્થાનિકજનો ઈચ્છી રહ્યા છે.

## ગ્રીનસીટીમાં ૯મીથી રામકથા યોજાશે

ગાંધીનગરના સેકટર-૨૬માં આવેલા ગ્રીનસીટી, હનુમાનજી મંદિર ખાતે તા. ૯મી મે થી ૧૭મી મે ૨૦૧૨ દરમિયાન રાત્રે ૮ કલાકે રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. રામકથા સમિતિ દ્વારા યોજાનાર રામકથા કાર્યક્રમમાં મહાઆરતી, રામજન્મ અને તેમના વિવિધ પ્રસંગો વગેરેનું વર્ણન અને આયોજન સુંદર રીતે કરવામાં આવશે.





ગાંધીનગર જિલ્લા પંચાયત વર્ગ-૩ કર્મચારી મંડળના આજે યોજાયેલ સ્નેહમિલન સમારોહમાં નિવૃત્ત કર્મચારીઓના સન્માન તથા કર્મચારીઓ દ્વારા એક વિશેષાંક તૈયાર કરાયો હતો તેનું વિમોચન કરવામાં આવ્યું હતું. આંબેડકર હોલ ખાતે યોજાયેલ આ સ્નેહમિલન સમારોહમાં ગીત - સંગીતના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ સમિતિના હોદ્દેદારો તેમજ અધિકારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ચારધામની યાત્રાએ જવાની ક્યાં જરૂર છે, 'મમ્મી' આપનાં ચરણોમાં જ તો સ્વર્ગ છે

**સંબંધ સજાવે જિંદગી**

**થેન્ક્યુ મમ્મી**

**- તબસ્સુમ પઠાણ**

gsrelation@yahoo.com

આખું વિશ્વ 'મધર્સ-ડે' ઉજવવાની તૈયારી કરી રહ્યું છે, જાત-ભાતની ગીફટ્સ અને કાર્ડ્સથી ગીફ્ટ શોપ શોભી રહી છે ત્યારે આજે આપણે ગાંધીનગરની જ એવી બે બહેનોની વાત કરવી છે જે મમ્મીની સેવા પાછળ દિવસ-રાત એક કરી છે અને મમ્મીને જ દેવ માની પૂજા કરી રહી છે.

સેક્ટર-૨૨માં મીતિ ભટ્ટ અને તેની મોટી બહેન દત્તા ભટ્ટની વાત સાંભળીએ ત્યારે ત્યાગ, સમર્પણ, પ્રેમ જેવા શબ્દોના અર્થ સમજવા માટે 'શબ્દકોશ' શોધવા જવાની જરૂર ન પડે. ગંભીર બિમારીમાં કુટુંબની છત્રછાયા સમાન પિતા શ્રી હસમુખરાય ભટ્ટને છ વર્ષ અગાઉ ગુમાવ્યા બાદ બંને બહેનોએ જીવન સામે જાણે રીતસર બાથ ભીડી છે. સરકારી કર્મચારી એવા પિતાના અવસાન બાદ તેમના સ્થાને દત્તાને નોકરી મળે તે માટે બંને બહેનોએ સરકારી કચેરીઓના અનેક આંટાફેરા કર્યા તેમ છતાં એમ.કોમ. થયેલી દત્તાને રહેમરાહે નોકરી ન મળતા તેણે ઈન્ફોસિટીમાં ખાનગી નોકરી સ્વીકારી. નાની મીતિએ પણ એકસીસ બેંકમાં નોકરી કરવાનું શરૂ કર્યું.

હજુ તો જીવનના પડકારોનો સામનો કરવા થોડીક સમર્થ બનેલી આ બંને બહેનોના જીવનમાં ત્રણ વર્ષ અગાઉ પુનઃ ઝંઝાવાત આવ્યો. મમ્મી કલ્પનાબેનને ફેંફસાની ગંભીર બીમારી થતાં તેમની



શ્વાસનળી અને અન્નનળી બંને બ્લોક થઈ ગયા. અનેક મહિનાઓની સારવાર બાદ કલ્પનાબેન સંપૂર્ણપણે સ્વસ્થ તો ન જ થયા. તેઓ ઓક્સિજન મારફતે શ્વાસ લઈ શકે છે. પરંતુ સાથે જ સંપૂર્ણપણે બેડરેસ્ટ કરવો પડે છે.

મમ્મીની સાથે કોઈ એક જણે ચોવીસ કલાક હાજર રહેવું પડે તેવી સ્થિતિ સર્જાતા મીતિએ બેંકની નોકરી છોડી દઈ દિવસ-રાત મમ્મીની સેવામાં વ્યસ્ત રહેવાનું નક્કી કર્યું. જ્યારે મોટીબહેન દત્તાએ બહારની જવાબદારી સ્વીકારી લઈ નોકરી ચાલુ રાખી. દત્તા-મીતિ હાલમાં તો સંપૂર્ણપણે મમ્મીને જ સમર્પિત થઈ ગયા છે. મમ્મીની સેવાની સાથે સાથે મીતિએ જીપીએસસીની પરીક્ષાની તૈયારીઓ શરૂ કરી છે. બંને બહેનોને એકબીજાની હૂંફ ચોક્કસ છે, તેમ છતાં તેઓને સમાજ અને આડોશી-પાડોશીઓના આકરા વર્તનનો સામનો તો કરવો જ પડે છે. જે ઉંમરે યુવતીએ લગ્ન કરી પોતાના પરિવારમાં સેટ થઈ જાય છે તે ઉંમરે આ બંને બહેનોએ જીંદગી સામે બાથ ભીડી 'મમ્મી'ની સેવા - સારવાર પાછળ પોતાની લાગણીઓ, ઈચ્છાઓ, શોખને સમર્પિત કરી રહી છે. ધન્ય છે આવી દિકરીઓને. દિકરાની ઈચ્છા માટે દિકરીઓની ભ્રુણમાં જ હત્યા કરાવી દેનારા પરિવારોએ તો આ કિસ્સો વાંચી બોધ અવશ્ય લેવો જોઈએ.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૦૬

સૂર્યાસ્ત : ૦૭.૦૮

## તાપમાન

મહત્તમ : ૩૯.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૮ ટકા ● સાંજે ૩૪ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** જન્નત -૨ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** જન્નત : ૧૦.૦૦

તેઝ : ૧૨.૩૦, ૧૦.૧૫

ધ એવેન્જર (હિન્દી) : ૨.૪૫, ૭.૪૫

ધ એવેન્જર (અંગ્રેજી) : ૫.૧૫

**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૩૦, ૪.૦૦

જન્નત -૨ : ૧.૩૦, ૭.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૪ :** ફેટસો : ૧૦.૦૦

હેટ સ્ટોરી : ૧૨.૩૦

વીકી ડોનર : ૩.૦૦, ૫.૧૫

હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦

તેઝ : ૧૦.૧૫

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ધ એવેન્જર ૩-ડી(હિન્દી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :** તેઝ : ૯.૩૦, ૨.૩૦, ૧૦.૩૦

વીકી ડોનર : ૧૨.૦૦, ૮.૦૦

હાઉસ ફુલ -૨ : ૫.૦૦

**સ્ક્રીન-૩ :** જન્નત- ૨ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

**સ્ક્રીન-૪ :** જન્નત- ૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૪૫

### સૂર્યા, વાવોલ

જન્નત - ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મોટા ઘરે મારું સાસરીયું : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** સંતાનની તરફથી પ્રગતિકારક સૂચના મળી શકશે. નોકરીમાં અધિકારીઓનો સહયોગ મળશે. પ્રયત્ન કરવા પર રોકાયેલ ધન મળવાની શકયતા છે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. અધ્યયવ- અધ્યાપનમાં મન લાગશે.

**વૃષભ :** નકામા ભ્રમમાં ન પડીને સ્વવિવેકથી કાર્ય કરો તો સફળતા સંભવ છે. સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. સંતાન સંબંધી કાર્ય થવાનો યોગ છે. માતાના આરોગ્યની ચિંતા રહી શકે છે. જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે.

**મિથુન :** તમારી સફળતાનું મૂળ મંત્ર કોઈ પણ કાર્ય અશકય ન સમજવું છે. કુટુંબમાં સમંજસ્ય બન્યું રહેશે. શત્રુ પરાસ્ત થશે. પોતાની માન- મર્યાદા પ્રમાણે કાર્ય કરો. વ્યાપારમાં નવા અને લાભકારક કરાર થઈ શકે છે.

**કર્ક :** સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાનો યોગ છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. માતા -પિતાના આરોગ્યની ચિંતા રહેશે.

**સિંહ :** નવીન વ્યપારના પ્રસ્તાવ મળી શકે છે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે. તમારી દૂરર્શિતા અને બુદ્ધિમાનીથી ઘણા રોકાયેલા કાર્ય પૂર્ણ થવાની શક્યતા છે. કોઈ પ્રિય વ્યક્તિથી મુલાકાત થઈ શકે છે. ખાનપાનમાં સાવધાની રાખો.

**કન્યા :** કુટુંબમાં અસંતોષ રહેશે. કાર્યમાં મુશ્કેલીઓ આવી શકે છે. આરોગ્યની પ્રતિકૂળતાને કારણે મનમાં ઉત્સાહની કમી રહેશે. જૂના મિત્ર કામમાં આવશે. સરકારી કાર્યોમાં સાવચેતી રાખો. પોતીની વસ્તુઓને સંભાળીને રાખો.

**તુલા :** લાંબી યાત્રા લાભકારક રહી શકશે. તમારી કલ્પનાઓ પ્રમાણે જ પરિણામ પ્રાપ્ત થશે. વ્યપાર- વ્યવસાય સારો ચાલશે. કુટુંબના કોઈ સભ્યથી આર્થિક વિવાદ થઈ શકે છે. માંગલિક સમારંભમાં ભાગ લેવાનો યોગ બનશે.

**વૃશ્ચિક :** સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થશે. મિત્રોના સહયોગથી સમસ્યાનો ઉકેલ થઈ શકશે. આવકના નવા સ્ત્રોત મળશે. આળસ છોડીને કાર્ય સમય પર કરો. વ્યાપારમાં ખરા સમય પર લીધેલ નિર્ણય લાભપ્રદ થશે.

**ધન :** આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિક યોગ સારા રહશે. નજીકના વ્યકિતઓના વ્યવહાર પર ધ્યાન ન આપો. અધૂરા કાર્ય સમયથી પૂરા થશે.

**મકર :** કાર્યની પ્રત્યે દૃઢતા તમને આજે કાર્યમાં અનુકૂળ સફળતા અપાવી શકે છે. પારિવારિક સુખ અને ધન વધશે. નોકરીમાં ટ્રાન્સફર અને પદોન્નતિનો પણ યોગ છે. શુભ કાર્યોની રૂપરેખા બનશે. જીવનસાથીની લાગણીઓને સમજો.

**કુંભ :** વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ અપેક્ષિત છે. મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકે છએ. વ્યપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. ક્રોધ અને ઉત્તેજના પર સંયમ જરૂરી છે.

**મીન :** કાર્યમાં પ્રયત્ન આવશ્યક છે. શાસન તરફથી પૂર્ણ સહયોગ મળવાની શક્યતા છે. લાભ જલ્દી લેવાનો પ્રયત્ન કરો. વ્યપાર- વ્યવસાય સારો ચાલશે. મનોબળ ઊંચું રાખો. સ્વજનોથી ભેટને કારણે સંતોષ મળશે.

## ચિરવિદાય

- સ્વ. શીવાજી શકરાજી ઠાકોર (ઉ. વ. ૪૦) મુ. ફતેહપુરા, પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર
- સ્વ. જ્યોતિબેન દિનકરરાય ત્રિવેદી (ઉ. વ. ૭૦) ૪૮૭/૨, સેકટર-૫/એ, ગાંધીનગર
- સ્વ. જગદીશચંદ્ર શંકરલાલ દવે (ઉ. વ. ૭૦) ૨૪૨/૨, સેકટર-૩/એ- ન્યુ., ગાંધીનગર
- સ્વ. બળવંતભાઈ નટવરલાલ નાયકનું બેસણું તા. ૦૭-૦૫-૨૦૧૨ સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે નાયકવાસ, કોલવડા તા., જિ. ગાંધીનગર